

એક્ટર્સ લાઈફ

# અમૃતાની ફિલ્મ સફળ તો પણ તે નિષ્ફળ

અમૃતા રાવ જ્યારે ‘વિવાહ’માં આવી હતી ત્યારે તેનું ભવિષ્ય ખૂબ બ્રાઈટ લાગતું હતું. સુરજ બડજાત્યાએ માધુરી દીક્ષિતને સ્ટાર બનવામાં મદદ કરી તો અમૃતાને પણ એવી જ આશા હતી પણ એવું નહીં બન્યું. અરે, ‘વિવાહ’ પહેલાં તો તે ‘મેં હું ના’માં પણ આવી હતી. અલબત્ત, શાહરૂખ, સુશ્મિતા સેન પછી તેના માટે મોટી ભૂમિકા ન બચી હતી પણ ફરાહખાન સાથે ફિલ્મ હોય તો ફાયદો થઇ શકે. તે શાહીદ કપૂર સાથે ‘ઇશ્કવિશ્ક’માં તો હીરોઇન હતી અને તે ફિલ્મ ખૂબ જ સફળ રહી હતી. અમૃતા સારી ફિલ્મો મેળવવામાં નસીબદાર રહી છે છતાં તે ગ્લેમરસ લુક ધરાવતી ન હોવાથી ટોપ ફાઈવ હીરોઇનોમાં કદી સ્થાન પામી શકી નથી. તે હંમેશા સ્ટ્રગલર જ દેખાય છે. શ્યામ બેનેગલે તેને ‘વેલકમ ટુ સજ્જનપૂર’માં સારી ભૂમિકા આપેલી પણ બેનેગલની ફિલ્મ કોઇને સ્ટાર બનાવી શકી નથી. અમૃતા જુદા જુદા વિષય અને જુદી શૈલીની ફિલ્મોમાં પોતાને અજમાવતી રહી છે. ઇન્દ્રકુમારની ‘મસ્તી’ એકદમ કોમેડીથી ભરપૂર હતી અને તેમાં પણ તે હતી. આ બધાનો લાભ થવો જોઈએ પણ થયો નથી. આ કારણે જ ‘હે બેબી’માં તો તે ફક્ત એક ગીત પૂરતી દેખાયેલી. ‘જોલી એલએલબી’ પણ તેની એકદમ સફળ ફિલ્મ ગણી શકો. આ બધું છતાં તે માર ખાઈ રહી છે. તેની આ હતાશા ‘મેરી આવાઝ હી પહેચાન હે’ ટી. વી. સિરીયલમાં ભૂમિકા સ્વીકારવાના કારણે પણ જણાય આવે છે. જે સ્થિતિ છે તે છે અને દરેકે પોતાનો જંગ પોતાની રીતે લડવાનો બાકી રહે છે. હમણાં તે ‘જોલી એલએલબી-3’નામની સિક્વલમાં અક્ષય કુમાર અને હુમા કુરેશી સાથે કામ કરે છે. આ વર્ષના એપ્રિલમાં આ ફિલ્મ રજૂ થશે. બીજી ફિલ્મ ‘વાહ તેરી શાદી’ છે. રેડિયો જોકી અનમોલ સુદ સાથે પરણી ચૂકેલી અમૃતા પોતાની યુટયુબ ચેનલ પણ ધરાવે છે. મુંબઇમાં જન્મેલી આ કોંકણી અભિનેત્રી જો ગ્લેમરસ દેખાતી હોત તો વધારે સફળ થઇ હોત. પણ આ એવી વાત છે જેમાં તેનું કશું ચાલી ન શકે. હા, તેની બહેન પ્રીતિકા રાવ તામિલ ફિલ્મોમાં કારકિર્દી બનાવી રહી છે તેના કરતાં વધારે અમૃતાનું કામ છે અને તેણે હિન્દી સિવાય કોઈ ભાષાની ફિલ્મમાં કામ કરવું પસંદ નથી કર્યું. તે પોતાની રીતે પોતાના ભાગની સફળતા માટે લડી રહી છે. ●

> “હમણાં તે ‘જોલી એલએલબી-3’નામની સિક્વલમાં અક્ષય કુમાર અને હુમા કુરેશી સાથે કામ કરે છે.આ વર્ષના એપ્રિલમાં આ ફિલ્મ રજૂ થશે. બીજી ફિલ્મ ‘વાહ તેરી શાદી’ છે”




# નસીરુદ્દીન હજુ પણ ટટ્ટાર અભિનેતા છે

**નસીરુદ્દીન શાહ લોકપ્રિય ફિલ્મોમાં સ્વીકારાયો પણ તે કાંઇ અમિતાભ બચ્ચન, ધર્મેન્દ્રની જગ્યા લેવાનો ન હતો. તેની બોડી લેંગ્વેજ તેની અભિનય શૈલી અને શહેરી ફિલ્મોમાં હીરો તરીકે ન ચાલી શકે તેવાં ચહેરાએ જ એવી શકયતા ઓછી કરી નાંખી હતી**

હમણાં શ્યામ બેનેગલ જેવા દિગ્દર્શક ગયા, સહુએ સૌથી વધુ નસીરુદ્દીન શાહને યાદ કર્યા. બેનેગલની ‘અંકુર’માં નસીર નહોતા પણ બીજી જ ફિલ્મ ‘નિશાંત’માં જો કે ફિલ્મમાં મુખ્ય ભૂમિકા તો શબાના આઝમી અને ગિરીશ કાર્નાડની જ હતી પણ ધીમે ધીમે તે બેનેગલનાં પોસ્ટર બોય બની ગયા. ‘મંથન’, ‘ભૂમિકા’. ‘જૂનૂન’, ‘કલયુગ’, ‘મંડી’ જેવી ફિલ્મોમાં નસીર જ છે. નસીર માત્ર બેનેગલ જ નહીં તે વખતની સમાંતર ધારાની ફિલ્મોની મુખ્ય ઓળખ સમા બની ગયા હતા. સમજો કે સમાંતર ધારાની ફિલ્મોમાં શબાના, સ્મિતા, ઓમ પુરી અને નસીરુદ્દીન શાહ અનિવાર્ય બની ગયા હતા. કેતન મહેતા હોય ગોવિંદ નિહલાની હોય કે વિદુ વિનોદ ચોપરા હોય સહુ નસીરને જ વિચારતા. પણ નસીરને થયું કે આવી ફિલ્મો નામ આપી શકે દામ નહીં આપી શકે. લોકપ્રિયતા પણ મર્યાદિત રીતે જ મળે. અને ધીમે ધીમે ‘શાયદ’, ‘માસુમ’, ‘સ્વામીદાદા’, ‘ઉમરાવ જાન’,‘હમ પાંચ’, ‘વો સાત દિન’બહુ કી આવાઝ’, ‘ગુલામી’ વગેરે ફિલ્મોમાં કામ કરવા માંડ્યુ. આમાં અમુક ફિલ્મોમાં તે હીરો હતો બાકી ચરિત્ર ભૂમિકાઓ હતી. નસીરને વાંધો ન હતો કારણ કે નામ-દામ વધારે મળતા હતા. તે ‘કર્મા’માં પણ આવ્યો અને અર્ચના પૂરનસીંઘ સાથે ‘જલવા’માં પણ આવ્યો ‘મીર્ઝા ગાલિબ’ ટી.વી. શ્રેણીએ તેને ખૂબ લોકપ્રિયતા અપાવી અને ‘ત્રિદેવ’માં ‘ઓયે ઓયે’ગાયું તો લોકોએ પણ ગાયું. અલબત્ત બેનેગલે ‘ભારત એક ખોજ’ ટી.વી. શ્રેણી બનાવી તો તેમાં શિવાજીની ભૂમિકા કરી. પણ તે મનોરંજક ફિલ્મોનો ભાગ બની ચુકયો હતો અને સમાંતર ધારાની ફિલ્મો છૂટતી જતી હતી. નસીરુદ્દીન શાહ લોકપ્રિય ફિલ્મોમાં સ્વીકારાયો પણ તે કાંઇ અમિતાભ બચ્ચન, ધર્મેન્દ્રની જગ્યા લેવાનો ન હતો. તેની બોડી લેંગ્વેજ તેની અભિનય શૈલી અને શહેરી ફિલ્મોમાં હીરો તરીકે ન ચાલી શકે તેવાં ચહેરાએ જ એવી શકયતા ઓછી કરી નાંખી હતી. મહેશ ભટ્ટ જેવાએ પણ તેને ન અપનાવ્યો. અલબત્ત, ‘સર’માં તેને ખૂબ સારી ભૂમિકા આપેલી પણ પછી વધારે કામ ન આપ્યું પણ નસીરને ‘મોહરા’, ‘નાજાયઝ’, ‘ચાયના ગેટ’, ‘સરફરોશ’, ‘મકબુલ’, ‘મેં હું ના’, ‘ઇકબાલ’, ‘પરઝાનિયા’, ‘ઓમકારા’, સહિતની ફિલ્મોથી લોકપ્રિયતા મળતી ગઇ. નસીર આજે 270 ફિલ્મ અને ટી.વી. અભિનેતા છેઅને અત્યારે ‘ફત્તેહ’માં રઝા તરીકે આવ્યા છે. નસીરની ‘ક્રિશ-4’, ‘જામૂન’, ‘ઉલ જલૂલ ઇશ્ક’, ‘મહારાની-ક્વિન ઓફ ક્વિન્સ’, ‘પૂરાના ફર્નીચર’, ‘ફ્રીડમ’, ‘રનછોડ’, ‘માસૂમ-ધ ન્યુ જનરેશ’ જેવી ફિલ્મો આવશે. શેખર કપૂર, કરન મલ્હોત્રા, સહિતના દિગ્દર્શકો સાથે કામ કરે છે. ‘એ વેડનસ ડે’, ‘મોનસૂન વેડિંગ’નાં આ અભિનેતા રત્ના પાઠક સાથે પરણ્યા છે. નસીરુદ્દીન શાહ આજે તો 74 વર્ષના છે. તેમના સાથી અભિનેતા ઓમપુરી, અભિનેત્રી સ્મિતા પાટીલ નથી. શ્યામ બેનેગલ નથી. નસીર પોતાના અભિનયથી આજે પણ બળવાન છે અને રહેશે. નસીરને ભજવેલા પાત્રો તેને એક સામાજિક ચળવળકાર પણ બનાવે છે. ●

મુવિયાના



# તાહા શાહ બદુશા જેને છે અભિનયનાં નશા

તાહા શાહ બદુશા એવું નામ છે જે ભારતીય લાગતું નથી જો કે તે અબુધાબીમાં જન્મ્યો છે એટલે કોઈ આરબ હશે એવું ધારી શકે પણ હકીકત એવી છે કે તેના પિતા શાહ સિકંદર બદુશા તમિલનાડુમાં ઓર્થોપેડિક ડૉક્ટર છે અને તેની મમ્મી મહેનાઝ સિકંદર કે જે બાયોકેમિસ્ટ છે તે કર્ણાટકની છે. તાહા શાહે સંજયલીલા ભણશાલીની ‘હીરા મંડી’માં તાજદાર બલોચની ભૂમિકા કરેલી અને ખૂબ પ્રશંસા મેળવેલી અને તે પહેલાં ‘તાજ: ડિવાઈડેડ બાય બ્લડ’માં પણ તે મુરાદ મિર્ઝા તરીકે શાનદાર જણાયેલો. પણ તેની જગ્યા તો ફિલ્મોમાં છે. તાહા શાહે અભિનયના ક્ષેત્રે આવવું જ હતું એવું નથી. તે તેના ટોરોન્ટોમાં રહેતા ભાઈને મળવા ટોરોન્ટો ગયો અને ત્યાં થયું કએ અભિનયમાં જ મારે કારકિર્દી બનાવવી જોઈએ. અબુ ધાબીમાં ન્યૂયોર્ક ફિલ્મ એકેડમી હતી તેમાં એડમિશન લીધું અને અભિનયમાં જ આગળ ભણવા લોસ એંજલસ ગયો. અભિનયમાં ન આવ્યો હોત તો તે હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટમાં કમાતો હોત કારણ કે તે એમાં જ ભણ્યો છે. અભિનય શીખી મુંબઈ આવ્યા પછી તે ડાન્સિંગ અને માર્શલ આર્ટસમાં કલાકો સુધી પ્રેક્ટિસ કરતો કારણ કે હિન્દી ફિલ્મોમાં ડાન્સની જરૂર પડેને એક્શન ફિલ્મમાં કામ કરવા સારી બોડી પણ બનાવવી પડે. તેની આ મહેનતને પરિણામે યશરાજની ‘લવ કા ધી એન્ડ’ ફિલ્મ મળી જેમાં તે શ્રદ્ધા કપૂર સાથે હતો. તેમાં તે એન્ટી હીરો હતો પણ વિલન ન કહી શકો કારણ કે શ્રદ્ધા સામે મુખ્ય ભૂમિકામાં હતો એ ફિલ્મે તેને કરણ જાહેરની ‘ગિપ્પી’ ફિલ્મ અપાવી અને આ વખતે રિયા વિજ નામની અભિનેત્રી સાથે આવ્યો. કરણ જોહરે કહ્યું કે તાહા પરદા પર હોય તો પ્રભાવક લાગે છે. એક પછી બીજી ફિલ્મમાં પણ કામ વખણાય તો દરવાજા ખૂલતા જાય. મહેશ ભટ્ટે તેને ‘બરખા’ નામની ફિલ્મમાં પાકિસ્તાની અભિનેત્રી સારા લોરેન સામે તક આપી. ફિલ્મ તો ન ચાલી પણ તેના બે ગીત ‘ખુદા ભીના દીખે’ અને ‘તું ઈતની ખૂબ સૂરત હૈ’ ખૂબ ચાલી ગયા. ●

એંગલ



# ફૂલ ખીલે હે ગુલશન ગુલશન

છેલ્લા થોડા વર્ષોમાં નવોદિત હીરો તો ખાસ ચર્ચામાં નથી આવ્યા પણ ચરિત્ર અભિનેતા તરીકે ઘણા બધા નામો મહત્વના બની ગયા છે. એવા અભિનેતા હવે હીરો બનવા- ન બનવા વિશે પણ અફસોસ વ્યક્ત કરતા નથી કારણ કે હીરો બનો તો ઘણું દબાણ રહે છે અને દરેક સફળતા-નિષ્ફળતાની અસર કારકિર્દી પર પડે છે. ચરિત્ર અભિનેતા એવા દબાણથી બચી શકે છે. ગુલશન દેવૈયા ‘શૈતાન’, ‘હેટ સ્ટોરી’ અને ‘હંટરર’ પછી મહત્વના અભિનેતા તરીકે જગ્યા બનાવીને આગળ વધી રહ્યો છે. મૂળ તે બેંગ્લોરના છે પણ હિન્દી ફિલ્મોમાં આવવા તેણે સાઉથની ફિલ્મોનો આધાર લેવો પડયો નથી તેને ડાયરેકટ એન્ટ્રી મળી. અનુરાગ કશ્યપ ‘ધેટ ગર્લ ઈન યેલો બુટસ’ બનાવતો હતો ત્યારે તેને નસીરુદ્દીન શાહ અને કલ્કી કોચેલીન સાથે તક આપી. એ ફિલ્મ આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવોમાં રજૂ થઈ અને ગુલશન માટે તે સારી શરૂઆત બની ગઈ. એ ફિલ્મ પછી ‘દમ મારો દમ’ મળી બીજોય નાંબિયારની ‘શૈતાન’ મળી અને તેમાં કરન ચૌધરી-કેસી તરીકેની ભૂમિકા ખૂબ જ સફળ રહી. ગુલશન દેવૈયા સારો અભિનેતા છે અને જ્યારે સારી તક મળે તો તે પોતાની પૂરવાર કરી આપે છે. ‘હેટ સ્ટોરી’ એવી જ ફિલ્મ હતી જે વિક્રમ ભટ્ટે બનાવી હતી અને વિવેક અગ્નિહોત્રી તેનો દિગ્દર્શક હતો. આ ફિલ્મ સુપર હિટ રહી અને સિદ્ધાર્થ ધનરાજગીર તરીકેની તેની ભૂમિકા અન્ય કલાકારો સામે વધારે પ્રભાવી હતી તે મુખ્ય ભૂમિકામાં આવતો થયો પછી ઘણાની નજરમાં વસી ગયો. પણ તે હીરો તરીકે જામવા લાલચુ ન હતો. ઘણાં અભિનેતા હીરો તરીકે ટકી રહેવાની લાહ્યમાં બીજી સારી ભૂમિકા છોડી દેતા હોય છે. ગુલશનને ‘રામલીલા’માં સંજય લીલા ભણશાલીએ ભવાનીની ભૂમિકા આપી તો ખુશી ખુશી સ્વીકારી લીધી અને બીજી તરફ ‘હંટર’માં વળી રાધિકા આપ્ટે સાથે મુખ્ય ભૂમિકા ભજવી ગુલશનના આ વ્યુહ કામ લાગ્યા અને ‘અ ડેથ ઈન ધ ગુંજ’ જેવી ફિલ્મ મળી. ●

સ્ક્રિનિંગ